સીબીએસઈ ધો.12ના ફિઝિક્સના પેપરે વિદ્યાર્થીઓની ચિંતા વધારી

લોન્ગ ડેરિવેશન અને મલ્ટી સ્ટેપ ન્યુમેરિકલના પ્રશ્નો પૂછવામાં આવ્યા

ઓવરઓલ પેપર લેંધી અને કોન્સેપ્ટચ્યુલ,અમુક વિદ્યાર્થી પૂરેપૂરું પેપર ના લખી શક્યા

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

સેન્ટ્રલ બોર્ડ ઓફ સેકન્ડરી એજ્યુકેશનની પરીક્ષાનો પ્રારંભ થઈ ગયો છે. શુક્રવારે ધોરણ 12 સાયન્સની ફિઝિક્સના વિષયની પરીક્ષા લેવામાં આવી હતી. જે પેપરમાં લોંગ ડેરિવેશન તથા મલ્ટી સ્ટેપ ન્યુમેરિકલના પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા. આજનું આ પેપર લેંધી નીકળ્યું હતું. જેના કારણે કેટલાક વિદ્યાર્થીઓ પૂરેપૂરું પેપર લખી શક્યા ન હતા.

સીબીએસઈની ધોરણ 10 અને 12 ની પરીક્ષા શરૂ થઈ છે ધોરણ 10 ના પ્રથમ મેથ્સના પેપરે વિદ્યાર્થીઓને મૂંઝવણમાં મૂકી દીધા હતા. જે બાદ શુક્રવારે ધો.12 સાયન્સની ફિઝિક્સની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપી હતી. ફિઝિક્સનું પેપર લેંધી અને અઘરું રહ્યું હતું. જેના કારણે વિદ્યાર્થીઓ ચિંતામાં મૂકાયા હતા. એજ્યુકેશન એક્સપર્ટ નિરવ જોષીએ જણાવ્યું હતું કે, આજનું ધો.12 માં ફીઝીક્સનું પેપર હતું. જેમાં વિદ્યાર્થીઓને આ પેપર થોડું અઘરું લાગ્યું હતું. કારણ કે આજના આ પેપરમાં કેસ સ્ટડી તથા એસરશન રીઝન રીલેટેડ પ્રશ્નો પુછવામાં આવતા વિધાર્થીઓને વિચાર કરીને જવાબ લખવા પડ્યા હતા. વિધાર્થીઓને સૌથી વધારે મુશ્કેલી ટાઈમ મેનેજમેન્ટ કરવામાં પડી હતી. આની પાછળનું કારણ એ હતું કે, વિદ્યાર્થીઓને આ પેપર લેંધી લાગ્યું હતું. ખાસ કરીને વિધાર્થીઓને આ ફીઝીક્સનું પેપર મેથેમેટિક્સનું પેપર વધારે લાગી રહ્યું હતું. કારણકે આ પેપરમાં લોન્ગ ડેરીવેશન તથા મલ્ટી સ્ટેપ ન્યુમેરીકલના પ્રશ્નો પુછવામાં આવ્યા હતા. પેપરમા થીયરી પોરશન લાસ્ટ યરના પેપરની તુલનામાં થોડું ઓછું હતું. જે વિધાર્થીઓનું બાયોલોજી છે. એ વિધાર્થીઓને પેપર વધારે અઘરું લાગ્યું હતું. ઓવર ઓલ પેપરને જોઈએ તો આ પેપર કન્સેપ્ટચ્યુઅલ હતું અને વિધાર્થીઓને લેંધી લાગ્યું હોવાથી અમુક વિધાર્થીઓનું પેપર પુરે પુરૂ લખી શક્યા નથી.

સ્કૂલમાંથી પરીક્ષાની હોલ ટીકીટનું વિતરણ

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની 26 ફેબ્રુઆરીથી પરીક્ષાનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. વડોદરામાંથી ધોરણ 10 અને 12 ના એમ કુલ મળીને 72,668 વિદ્યાર્થીઓ 267 પરીક્ષા કેન્દ્રોના 2,572 બ્લોકમાં પરીક્ષા આપશે. બોર્ડ દ્વારા પણ પરીક્ષા લક્ષી તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી ગઈ છે. ત્યારે શુક્રવારે ધોરણ 10 અને 12ના બોર્ડના વિદ્યાર્થીઓને તેમની શાળાઓમાંથી હોલ ટિકિટ આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓ પોતાના વાલીઓ સાથે સ્કૂલ પર પહોંચી હોલ ટિકિટ મેળવી હતી.

બ્રેક ફેલ થવાને કારણે અકસ્માત સર્જાયાનો ડ્રાઈવરનો દાવો

વાવ-બાકરોલના ઢાળમાં એસટી બસ પલટી ખાતા ચીસાચીસ, 40થી વધુ મુસાફરો ઈજાગ્રસ્ત

રોષે ભરાયેલા લોકોએ એસટી તંત્રની બેદરકારી સામે ઉઠાવ્યા સવાલ

(પ્રતિનિધિ) વડોદરા. તા.20

જામ્બાથી વડોદરા જઈ રહેલી એસટી બસ આજે સવારે વાવ-બાકરોલ પાસે આવેલા જોખમી ઠોળાવ (ઢાળ) માં પલટી ખાતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ દુર્ઘટનામાં બસમાં સવાર વિદ્યાર્થીઓ અને નોકરીયાત વર્ગ સહિત અંદાજે 40થી વધુ મુસાફરોને નાની-મોટી ઈજાઓ પહોંચી છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર અર્થે કદવાલ અને વડોદરાની SSG હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. મળતી માહિતી મુજબ, એસટી બસ (નંબરઃ GJ 18 Z 8563) જામ્બાથી વડોદરા તરફ જઈ રહી હતી. બસમાં ક્ષમતા કરતા વધુ એટલે કે 50થી વધુ મુસાફરો સવાર હતા. વાવ-બાકરોલ પાસેના ઢાળ ઉતરતી વખતે ચાલકે બસ પરનો કાબૂ ગુમાવતા બસ ધડાકાભેર પલટી ખાઈ ગઈ હતી.

અકસ્માત થતા જ મુસાફરોમાં ભારે નાસભાગ અને ચીસાચીસ મચી ગઈ હતી. સ્થાનિક લોકોએ તાત્કાલિક દોડી આવી બસની બારીઓ તોડી મુસાફરોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. ઈજાગ્રસ્તો પૈકી 15 જેટલા લોકોને કદવાલ સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપવામાં આવી રહી છે, જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયેલા મુસાફરોને વધુ સારવાર માટે વડોદરાની એસએસજી (SSG) હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જામ્બા ગામના પૂર્વ સરપંચ કંચનભાઈએ આક્ષેપ કર્યો હતો કે, આટલી મોટી દુર્ઘટના બની હોવા છતાં એસટી વિભાગના કોઈ પણ જવાબદાર અધિકારી હજુ સુધી સ્થળ પર કે ઘાયલોની ખબર પૂછવા હોસ્પિટલ આવ્યા નથી. બસ ચાલકે અકસ્માત પાછળ 'બ્રેક ફેલ' થઈ હોવાનું કારણ આપ્યું છે, પરંતુ મુસાફરો અને સ્થાનિકો આ વાત માનવા તૈયાર નથી. લોકોમાં ચર્ચાઈ રહ્યું છે કે, જો બ્રેક ફેલ હતી, તો ડ્રાઈવરે બસ ધીમી ગતિએ કેમ ન ચલાવી ? ડેપોમાંથી બસ નીકળતા પહેલા તેનું ફિટનેસ ચેકિંગ કરવામાં આવ્યું હતું કે કેમ ? ગ્રામ્ય વિસ્તારની બસોની હાલત જર્જરિત હોવા છતાં તંત્ર કેમ આંખ આડા કાન કરી રહ્યું છે ? હાલમાં પોલીસ અને એસટી વિભાગ દ્વારા આ મામલે તપાસ શરૂ કરવામાં આવી છે.

5 વર્ષની ટર્મ પૂર્ણ થતા પૂર્વે કારોબારી સમિતિએ લીધા મહત્વના નિર્ણયો

વડોદરા તાલુકા પંચાયત: 2 કરોડની ગ્રાન્ટ સાથે વિકાસ કામોને લીલીઝંડી

27 માર્ચના રોજ યોજાશે છેલ્લી સામાન્ય સભા

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા તાલુકા પંચાયત કચેરી ખાતે આજે કારોબારી સમિતિની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી. વર્તમાન ટર્મની આ છેલ્લી કારોબારી બેઠક હોવાથી તેનું વિશેષ મહત્વ હતું. આ બેઠકમાં તાલુકાના વિવિધ વિસ્તારોમાં વિકાસની ગતિ તેજ કરવા માટે અંદાજે રૂપિયા પોણા બે થી બે કરોડ રૂપિયાના વિકાસ કામોને સર્વાનુમતે મંજૂરી આપવામાં આવી હતી.

કારોબારી સમિતિના અધ્યક્ષ બિરેન પટેલના અધ્યક્ષપણા હેઠળ યોજાયેલી આ બેઠકમાં મુખ્યત્વે બચત ગ્રાન્ટના આયોજન પર ભાર મૂકવામાં આવ્યો હતો. અધ્યક્ષે માહિતી આપતા જણાવ્યું હતું કે, તાલુકાના સર્વાંગી વિકાસ માટે સ્ટેમ્પ ડ્યુટી અને બચત ગ્રાન્ટમાંથી આશરે 2 કરોડ જેટલી માતબર રકમના કામો નક્કી કરવામાં આવ્યા છે. આ ઉપરાંત, ગત 12 જાન્યુઆરી 2026ના રોજ યોજાયેલી બેઠકની કાર્યવાહી નોંધને બહાલી આપવામાં આવી હતી અને તેની અમલવારી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી.

નોંધનીય છે કે, તાલુકા પંચાયતના વર્તમાન સભ્યોની પાંચ વર્ષની મુદત આગામી માર્ચ મહિનામાં પૂર્ણ થઈ રહી છે. આ અંગે બિરેન પટેલે જણાવ્યું હતું કે, "આ અમારી ટર્મની છેલ્લી કારોબારી બેઠક હતી. આગામી 27 માર્ચના રોજ છેલ્લી સામાન્ય સભા યોજાશે." તેમણે વધુમાં ઉમેર્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષ દરમિયાન તમામ સદસ્યોએ પક્ષ અને રાજનીતિથી ઉપર ઉઠીને એકતા સાથે પોતપોતાના વિસ્તારમાં પ્રજાલક્ષી કાર્યો કર્યા છે.

બેઠકના અંતે, આગામી તાલુકા પંચાયતની ચૂંટણીઓને ધ્યાનમાં રાખીને અધ્યક્ષ દ્વારા તમામ કારોબારી સભ્યોને ઉજ્જવળ ભવિષ્ય અને ફરીથી પક્ષ તરફથી તક મળે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી. તેમણે આશા વ્યક્ત કરી હતી કે આવનારા સમયમાં જે પણ નવા કે જૂના સભ્યો ચૂંટાઈને આવશે, તેઓ વડોદરા તાલુકાના વિકાસની આ પરંપરાને અવિરત ચાલુ રાખશે.

બેન્કમાંથી રૂ. 91.10 લાખ ઠગનાર આરોપીના જામીન રદ

ગુનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને મેજિસ્ટ્રેટ દ્વારા જામીન અરજી નામંજૂ કરી દેવાઇ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

મધ્યપ્રદેશના શાહપુરા તાલુકાના પાલવા ખાતે રહેતા જિતેન્દ્ર હેમસિં મહેરા દ્વારા પોતાની ઓળક અભિષેક તરીતે આપી પોત ઈક્વિટ્સ બેન્કના કસ્ટમર સર્વિસના કામ કરેછે તેવું ફોન પર કહ્યું હતું. ત્યરાબાદ ઈક્વિટસ બેન્કના ખાતામાંથી તેમના બીજા એયુબીએલના બેક ખાતાના નાણા ઓનલાઈન ટ્રાન્સફર કરાવી આપવાના બહાને તેમની પાસેથી તેમના મોબાઈલ ફોનો કોલ ફોરવર્ડિંગ કરાવી લીધો હતો.

તેમના મોબાઈલને હેક કરીને તેમના ઈક્વિટસ બેન્ક અને એયુબીએલના બેન્ક એમ તેમના બંને ખાતામાંથી ગત 20થી 22 ઓક્ટોબર 2025 સુધીમાં કુલ રૂપિયા 91.10 લાખ જેટલી માતબર રકમની તેમની સાથે છેતરપિંડી કરી પોતે મેળવી લીધી હતી. જે રકમ પરત નહી આપીને છેતરપિંડી આચરવામાં આવી હતી. જેમાં સાઈબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ કરી જેલ ભેગો કરી દેવામાં આવ્યો હતો. ત્યારે આરોપીએ જેલમાંથી જામીન પર મુક્ત થવા માટે પોતાના વકીલ મારફતે રેગ્યુલર જામીન અરજી કરાવી હતી. જેનો કેસ ચિરાગ એમ પવાર બીજા અધિક સેશન્સ જજ વડોદરાની કોર્ટમાં ચાલી ગયો હતો. ત્યારે આરોપીને વકીલ જામીન મુક્ત કરવા માટે દલીલ કરી હતી જેમાં સામે સરકારી વકીલ દ્વારા રૂપિયા 91 લાખ જેટલી માતબર રકમની છેતરપિંડીનો ગંભીર ગુનો હોય જામીન પર મુક્ત કરાયા ફરી મોટી છેતરપિંડી આચરી શકે છે તેવી ધારદાર દલીલો કરાઈ હતી. ત્યારે મેજિસ્ટ્રેટ દ્વારા આરોપીને રેગ્યુલર જામીન અરજી રદ કરવા માટેનો હુકમ કરાયો છે.

શ્રી સરદાર ભવન ટ્રસ્ટ અને ગ્રંથગોષ્ઠીના ઉપક્રમે 950મો વાર્તાલાપ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

શ્રી સરદાર ભવન દ્વારા આયોજિત ગ્રંથગોષ્ઠી શ્રેણીનો 950મો વાર્તાલાપ તા. 21ના શનિવારે સાંજે 5:00 કલાકે સરદાર ભવન, જ્યુબિલી બાગ પાસે યોજાનાર છે. આ કાર્યક્રમ શ્રી સરદાર ભવન ટ્રસ્ટના પ્રમુખ શ્રી અનુજભાઈ પટેલના સાંનિધ્યમાં યોજાશે. આ પ્રસંગે લેખક અને વક્તા દેવલભાઈ શાસ્ત્રી તેમના પુસ્તક "જીવવા જેવી જિંદગી" વિષયક વિશેષ માહિતી અને માર્ગદર્શન આપશે. કાર્યક્રમનું સંચાલન અમરીશભાઈ કરશે. આ ગ્રંથગોષ્ઠીમાં સાહિત્યપ્રેમીઓ અને રસ ધરાવતા નાગરિકોને સમયસર હાજરી આપી જ્ઞાનનો લાભ લેવા અખબારી યાદીમાં અનુરોધ કરવામાં આવ્યો છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રશ્નોત્તરી સત્ર પણ યોજાશે, જેમાં ઉપસ્થિત શ્રોતાઓને લેખક સાથે સીધી ચર્ચા કરવાની તક મળશે. ગ્રંથગોષ્ઠીનો મુખ્ય હેતુ વાંચન સંસ્કૃતિનો વિકાસ અને સાર્થક વિચારવિમર્શ માટે મંચ પૂરું પાડવાનો છે. આયોજકો દ્વારા તમામ વયના નાગરિકોને ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

નૃત્ય વિભાગ દ્વારા પ્રદર્શન અને દેશ્ય કલા પર આંતરરાષ્ટ્રીય સેમિનાર

શ્રીલંકા અને નેપાળ જેવા દેશો સહિત અંદાજે 230 જેટલા વિદ્વાનો, શિક્ષણવિદો અને કલાકારોએ ઉત્સાહભેર ભાગ લીધો

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની પરફોર્મિંગ આર્ટ્સ ફેકલ્ટીના નૃત્ય વિભાગ દ્વારા તાજેતરમાં પ્રદર્શન કલા અને દેશ્ય કલામાં પ્રાચીન તથા આધુનિક સાહિત્ય તેમજ તેની પ્રયોગશીલતા વિષય પર બે દિવસીય આંતરરાષ્ટ્રીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનારમાં મુખ્ય અતિથિ તરીકે સુપ્રસિદ્ધ કલાકાર પદ્મશ્રી ડો. પુરુ દાધીચ ઉપસ્થિત રહ્યા હતા.

કલાકાર પદ્મશ્રી ડો. પુરુ દાધીચ જેઓ સંસ્કૃતના પ્રખર વિદ્વાન છે તેમજ પ્રાચીનતમ હસ્ત લિપિયો પર વિષધ કાર્ય કરેલ છે. જેઓએ પોતાના 87 વર્ષના જ્ઞાન અને અનુભવ દ્વારા પ્રતિભાગીઓને લાભાનવિત કર્યા હતા. કાર્યક્રમનું મુખ્ય પ્રવચન જાણીતા નૃત્યાંગના પદ્મશ્રી ગુરુ શોવના નારાયણ દ્વારા આપવામાં આવ્યું હતું, જેઓએ ભાવ પક્ષને પ્રતિભાગીઓ સમક્ષ ખુબ સુંદર, મનમોહક રીતે રજૂ કર્યું. આ બંને વિદ્વાનોએ પોતાના જ્ઞાન દ્વારા કલા અને સાહિત્યના સમન્વય પર પ્રકાશ પાડી સેમિનારને નવી ઊંચાઈ પર પહોંચાડી દીધો. સેમિનારમાં વિવિધ કલાશાખાઓના દિગ્ગજ નિષ્ણાતોએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, જેમાં ડો. સંગીતા શંકર ઈન્સ્ટ્રુમેન્ટલ, ડો. કેશવ ચૈતન્ય કુન્ટે વોકલ સંગીત, ડો. રાહુલ સ્વર્ણકાર તબલા, નૃત્ય વિભાગના ઈતિહાસમાં સીમાચિહ્નરૂપ બનેલા આ સેમિનારમાં ભારત ઉપરાંત મ્યાનમાર, બાંગ્લાદેશ, મોરેશિયસ, શ્રીલંકા અને નેપાળ જેવા દેશો સહિત અંદાજે 230 જેટલા વિદ્વાનો, શિક્ષણવિદો અને કલાકારોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સહભાગીઓ દ્વારા કલાના વિવિધ પાસાઓ પર ઊંડાણપૂર્વક સંશોધન પત્રો રજૂ કરવામાં આવ્યા હતા. સેમિનારના પ્રથમ દિવસે સાંસ્કૃતિક કાર્યક્રમનું વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ફેકલ્ટીના અધ્યક્ષ ડો. સ્મૃતિ વાઘેલા તેમજ પ્રધ્યાપિકા ડો. પ્રીતિ દામલે, ડો. ત્રિપ્તિ ગુપ્તા અને વિદ્યાર્થીઓએ પરંપરાગત અને આધુનિક નૃત્ય શૈલીઓની મનમોહક પ્રસ્તુતિ કરી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કર્યા હતા.

'વિકસિત ગુજરાત @ ૨૦૪૭' થીમ આધારિત બે દિવસીય કલાઉત્સવ

રાજ્યમાંથી આવેલા 60 વિજેતા કલાકારો 'કલાનગરી'માં પ્રતિભા ઉજાગર કરશે

ચિત્રકલા, બાળકવિ, સંગીત ગાયન અને વાદન જેવી ચાર મુખ્ય સ્પર્ધાઓનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.20

રાજ્યના શિક્ષણ વિભાગ, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ, ગાંધીનગર દ્વારા પ્રેરિત તેમજ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, વડોદરાના સંયુક્ત ઉપક્રમે આજથી વડોદરામાં બે દિવસીય 'રાજ્યકક્ષાના કલા ઉત્સવ-૨૦૨૬'નો ઉમંગભેર પ્રારંભ થયો છે. વડોદરાના જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મહેશ આર. પાંડેએ આ કલા ઉત્સવને દીપ પ્રાગટ્ય દ્વારા ખુલ્લો મૂકી સ્પર્ધક વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

આ પ્રસંગે જિલ્લા શિક્ષણાધિકારી શ્રી મહેશ આર. પાંડેએ પોતાના પ્રાસંગિક ઉદ્બોધનમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી કલાનગરી વડોદરામાં પધારેલા પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે જણાવ્યું હતું કે, આવા પ્લેટફોર્મ દ્વારા વિદ્યાર્થીઓની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવાનો સરકારનો આ નવતર અભિગમ છે.

આ વર્ષે કલા ઉત્સવની થીમ 'વિકસિત ગુજરાત @ ૨૦૪૭' રાખવામાં આવી છે. આ થીમ દ્વારા વિદ્યાર્થીઓ કલાના માધ્યમથી ભવિષ્યના ગુજરાતની કલ્પના કરી તેને અભિવ્યક્ત કરશે. આ મંચ પર મુખ્યત્વે ચાર પ્રકારની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં, (૧) ચિત્રકલા સ્પર્ધા, (૨) બાળકવિ સ્પર્ધા, (૩) સંગીત ગાયન સ્પર્ધા અને (૪) સંગીત વાદન સ્પર્ધાનો સમાવેશ થાય છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે વિદ્યાર્થીઓએ એક લાંબી અને કઠિન પસંદગી પ્રક્રિયામાંથી પસાર થવું પડે છે. રાજ્યની તમામ સરકારી, ગ્રાન્ટ-ઈન-એઈડ અને સ્વનિર્ભર શાળાઓના ઉચ્ચ પ્રાથમિક (ધોરણ ૬-૮), માધ્યમિક (ધોરણ ૯-૧૦) અને ઉચ્ચતર માધ્યમિક (ધોરણ ૧૧-૧૨) એમ ત્રણેય વિભાગના વિદ્યાર્થીઓએ વિવિધ સ્તરે આ કલા કૌશલ્ય પ્રદર્શનમાં ઉત્સાહપૂર્વક ભાગ લે છે. શાળા કક્ષાએથી શરૂ કરીને ક્લસ્ટર, તાલુકા, જિલ્લા અને ત્યારબાદ ઝોન કક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા થયેલા કુલ ૬૦ પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને તેમના ૬૦ માર્ગદર્શક શિક્ષકો આ રાજ્યકક્ષાના મહોત્સવમાં સહભાગી થયા છે.

રાજ્યકક્ષાના કલા ઉત્સવ કાર્યક્રમના શુભારંભ પ્રસંગે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના પ્રાચાર્ય શ્રી દીપકકુમાર બી. બાવીસ્કર, રાજ્યકક્ષાના કન્વીનર ડૉ. અંકિતા ત્રિવેદી, વિવિધ ઝોનના કન્વીનરશ્રીઓ, ડી.આઈ.ટી.ઈ. ના સભ્યો, નિર્ણાયકશ્રીઓ તેમજ મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડી.આઈ.ટી.ઈ.ના લેક્ચરર ડૉ. વિશ્વજીત કે. યાદવ દ્વારા કરવામાં આવ્યું હતું.

ફ્રેટ લોડિંગને ગતિશીલ બનાવવા માટે મંડળ રેલ પ્રબંધક દ્વારા GSFCનું નિરીક્ષણ

કંપનીએ પોતાની 92 ટકા ઉત્પાદન સામગ્રીનું પરિવહન રેલ માર્ગ દ્વારા કર્યુ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

માલ ઢુલાણને વધુ સશક્ત અને ગતિશીલ બનાવવા ની દિશામાં એક મહત્વપૂર્ણ પગલા તરીકે, વડોદરા મંડળના મંડલ રેલ પ્રબંધક રાજુ ભડકે દ્વારા 20 ફેબ્રુઆરી, 2026 ના રોજ ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કેમિકલ લી. (જીએસએફસી), બાજવા સાઈડિંગની મુલાકાત લીધી. તેમના આ નિરીક્ષણ દરમિયાન વરિષ્ઠ મંડલ પરિચાલન પ્રબંધક રિની પણ હાજર હતાં.

પશ્ચિમ રેલવે ના જનસંપર્ક અધિકારી અનુભવ સક્સેના દ્વારા જાહેર કરાયેલ પ્રેસ વિજ્ઞપ્તિ મુજબ, મંડલ રેલ પ્રબંધક રાજુ ભડકે નિરીક્ષણ દરમિયાન રેલ સંપર્ક, માલ ઢુલાણ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ Indian Railways અને ખાતર ઉદ્યોગ વચ્ચેના સંકલનની સમીક્ષા કરી, જેથી દેશના વિવિધ રાજ્યોમાં ખાતરોનું સમયબદ્ધ પરિવહન સુનિશ્ચિત થઈ શકે.

મંડલ રેલ પ્રબંધકે નાણાકીય વર્ષ 2025-26 દરમિયાન જીએસએફસીના માલ લોડિંગ પ્રદર્શનની પણ સમીક્ષા કરી તેમજ જીએસએફસી-બાજવા સાઈડિંગ પર અત્યાર સુધીના સર્વોચ્ચ 54 રેકના માસિક લોડિંગની સિદ્ધિ બદલ સંસ્થાને અભિનંદન પાઠવ્યા. તેમણે રેલવે અને જીએસએફસી ટીમો દ્વારા કરવામાં આવેલા સંકલિત પ્રયત્નોની પ્રશંસા કરી.

ભડકેએ લોજિસ્ટિક પ્રક્રિયાઓને વધુ સુવ્યવસ્થિત બનાવવા, સ્વચાલન (ઓટોમેશન)ના અસરકારક ઉપયોગ તેમજ પરિચાલન આયોજનમાં સુધારા દ્વારા માલની ઝડપી નિકાસ સુનિશ્ચિત કરવા પર ભાર મૂક્યો. તેમણે વર્તમાન 1.5 રેક પ્રતિદિનની લોડિંગ ક્ષમતા વધારીને 2 રેક પ્રતિદિન કરવાની સલાહ આપી, જેથી સપ્લાય ચેઈન વધુ સશક્ત બની શકે.

આ અવસરે જીએસએફસીના કાર્યકારી નિદેશક સંજીવ વર્માએ કંપનીની પ્રવૃત્તિઓનો સંક્ષિપ્ત પરિચય આપ્યો અને વડોદરા મંડળ દ્વારા સમયસર ખાલી રેક ઉપલબ્ધ કરાવવા બદલ આભાર વ્યક્ત કર્યો. તેમણે જણાવ્યું કે વધુ સારા સંકલનના પરિણામે કંપની પોતાની લગભગ 92 ટકા ઉત્પાદન સામગ્રીનું પરિવહન રેલ માર્ગ દ્વારા કરી શકી.

પશ્ચિમ રેલવે કાર્યક્ષમ માલ પરિવહન વ્યવસ્થા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા પુનરાવર્તિત કરે છે. રેલવે અને ખાતર ઉત્પાદકો વચ્ચે સતત સંકલન દ્વારા દેશભરના ખેડૂતોને ખાતરોની સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરી શકાશે.

વડોદરા મહાનગરપાલિકા
www.vmc.gov.in
રસ્તા બંધ/ડાયવર્ઝન માટેની જાહેર નોટીસ

વડોદરા શહેરના ગોલ્ડન જંક્શન, આજવા જંક્શન, કપુરાઈ જંક્શન, વાઘોડિયા જંક્શન અને તરસાલી જંક્શન પર નવીન વરસાદી ગટર (Box Culvert) નાખવા અંગે અત્રેથી ઇજરદાર મે. શિવાલય ઇન્ફ્રા પ્રોજેક્ટ પ્રાઇવેટ લિમિટેડ ને વર્ક ઓર્ડર આપેલ છે. જેમાં હાલમાં ગોલ્ડન જંક્શન પર એજન્સી દ્વારા વાપરવામાં આવનાર હેવી મશીનરીઝ, મજુરો/કારીગરોની હેરફેર કરવાને કારણે સદર કામગીરી માટે ઉપરોક્ત જંક્શન પર વૈકલ્પીક રૂટમાં ડાયવર્ટ કરી, સદર કામગીરીની સરળતાથી તેમજ જાહેર સલામતીને ધ્યાને રાખી તેમજ જરૂરિયાત મુજબ હાલના તબક્કે ગોલ્ડન જંક્શન પર તા.૨૩.૦૨.૨૦૨૬ થી આગામી દિન-૨૦ સુધી તમામ પ્રકારના વાહન વ્યવહાર તેમજ અવર-જવર માટે કામ પૂર્ણ થતાં સુધી સદર રસ્તો સિંગલ લેન/જરૂરિયાત મુજબ સંપૂર્ણ બંધ રહેશે જેથી અન્ય વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાનો રહેશે.

ઉપરોક્ત જાહેર નોટિસને અનુસરવા તથા કામગીરીમાં સહકાર આપવા માટે જાહેર જનતાને નમ્ર વિનંતી કરવામાં આવે છે.

પી.આર.ઓ.નં.૧૨૦૮/૨૦૨૫-૨૬ **વ.ગટર પ્રોજેક્ટ શાખા ધ્વારા**

Federal Bank ધી ફેડરલ બેંક, ઝોનલ ઓફિસ ૧૪૦૯, સ્માર્ટ વર્કસ, નહેરુ નગર, અમદાવાદ-૩૮૦૦૧૫

સોનાના દાગીનાનું ખાનગીધોરણે વેચાણ માટેની નોટીસ

આથી તમામ સંબંધિતો અને જાહેર જનતાની જાણ અર્થે નોટીસ આપી જણાવવામાં આવે છે કે ધ ફેડરલ બેંકની નીચેમુજબની શાખાઓ ના નીચે જણાવેલ ગોલ્ડ લોન ખાતા નંબરના ખાતેદારને ગીરો મુકવામાં આવેલ સોનાના આભુષણો છોડાવવા માટે સમયસર ચુકવણું કરવામાં આવેલ નથી અને વારંવારની નોટીસ આપવા છતાં ચુકવણું કરાયેલ ન હોઈ, જો તે ખાતાઓ તારીખ ૦૭/૦૩/૨૦૨૬ ના રોજ અથવા તે પહેલા બંધ કરવામાં નહીં આવે તો ખાનગી વેચાણ દ્વારા વેચાણ કરવામાં આવશે.

ખાતેદારની વિગતો

શાખાનું નામ	ખાતા નંબર	શાખાનું નામ	ખાતા નંબર
વડોદરા	૧૩૩૫૬૪૦૦૦૧૦૩૮૬	વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૦૨૬૧
વડોદરા	૧૩૩૫૬૪૦૦૦૧૦૭૧૭	વાઘોડીયા રોડ	૧૮૧૦૬૯૦૦૦૦૦૮૩૨
વડોદરા	૧૩૩૫૬૪૦૦૦૧૦૭૨૫	વાઘોડીયા રોડ	૧૮૧૦૬૧૦૦૦૪૭૪૫૦
વડોદરા	૧૩૩૫૬૪૦૦૦૧૦૭૦૯	વાઘોડીયા રોડ	૧૮૧૦૬૧૦૦૦૪૭૬૧૪
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૩૬૯૬૩	વાઘોડીયા રોડ	૧૮૧૦૬૯૦૦૦૦૧૭૫૬
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૧૦૦૦૪૬૪૮૬	મકરપુરા	૧૮૦૬૬૪૦૦૦૭૦૪૪૮
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૦૨૯૫	મકરપુરા	૧૮૦૬૬૯૦૦૦૦૨૧૬૪
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૧૦૦૦૪૫૩૩૦	મકરપુરા	૧૮૦૬૪૦૦૦૫૪૦૮૭
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૧૫૦૯	મકરપુરા	૧૮૦૬૬૪૦૦૦૬૯૬૭
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૧૬૩૯	મકરપુરા	૧૮૦૬૬૪૦૦૦૭૦૬૦૪
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૧૯૭૦	મકરપુરા	૧૮૦૬૬૧૦૦૦૪૧૨૩૬
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૩૩૧૫	મકરપુરા	૧૮૦૫૫૦૦૦૦૧૭૭૩
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૧૫૧૭	મકરપુરા	૧૮૦૬૪૦૦૦૬૯૮૧૨
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૧૫૨૫	મકરપુરા	૧૮૦૬૬૯૦૦૦૬૧૬૫
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૪૦૦૦૫૧૫૫૮	મકરપુરા	૧૮૦૬૬૯૦૦૦૬૧૭૭૩
વાઘોડીયા રોડ	૧૮૧૦૫૬૦૦૦૦૧૩૩૦	મકરપુરા	૧૮૦૬૬૯૦૦૦૬૧૮૧
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૯૦૦૦૦૧૫૫૪	મકરપુરા	૧૮૦૬૪૦૦૦૬૪૮૮૭
વાઘોડીયા રોડ	૧૮૧૦૬૧૦૦૦૪૬૯૫૭	મકરપુરા	૧૮૦૬૬૪૦૦૦૬૯૮૯૫
વાઘોડીયા રો